(45)

તારીખ: ૧/૨/૨૦૨૦ શનિવાર ખબર-ગુજરાત

# ૪, ફેબ્રુઆરીએ ચેમ્બર હોલમાં પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન

**ખબર-જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રી, ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન તથા જામનગર ટેક્ષ પ્રેકટીશનર્સ એસોસીએશનના સંયુકત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રીય બજેટ-૨૦૨૦-૨૦૨૧ અંગે એક માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન આગામી તા.૦૪-૦૨-૨૦૨૦ મંગળવારના રોજ સાંજના ૦૫-૦૦ કલાક થી ૦૭-૦૦ સુધી 'ધીરૂભાઈ અંબાણી વાણિજય ભવન', જામનગર-રાજકોટ હાઈવે, સુભાષ બ્રિજ નજીક જામનગર સ્થળે કરવામાં આવેલ છે. આ સેમિનાર વિના મુલ્યે યોજવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માટે માન. કેન્દ્રીય નાણામંત્રી દ્વારા આગામી તા. ૦૧-૦૨-૨૦૨૦ ના રોજ બજેટ રજુ કરવામાં આવશે. જે બજેટની સંપુર્ણ માહિતી અને માર્ગદર્શક સેમિનારમાં વકતા તરીકે દિપકભાઈ રીંડાણી, સી.એ.રાજકોટ થી કેન્દ્રીય બજેટ અંગેની જોગવાઈઓ બાબતની છણાવટ તથા સમીક્ષા કરવા તથા વારિષભાઈ ઈસાની, એડવોકેટ, અમદાવાદથી પધારી આ બજેટમાં આવનાર જીએસટી કાયદામાં સુધારા-વધારા તથા સંભવીત સુધારાઓ અંગની જોગવાઈ બાબતે સમીક્ષા કરી છણાવટ કરવા અને માર્ગદર્શન આપવા ખાસ પધારી માર્ગદર્શન આપશે. ઉપરોકત સેમિનાર ખુબજ ઉપયોગી હોય આથી ચેમ્બરના તમામ સભ્યઓ તથા રસ ધરાવતા સહું કોઈને આ સેમિનારમાં ભાગ લેવા અનુરોધ છે.

નોબત

**કેન્દ્રિય અંદાજપત્ર અંગે**

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માર્ગદર્શક સેમિનારનું આયોજન

જામનગર તા. ૧: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રિય અંદાજપત્ર અંગે તા. ૪-૨-૨૦૨૦ના સાંજે ૫ વાગ્યે ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવનમાં માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દિપકભાઈ રીંડાણી (સીએ - રાજકોટ), વારીષભાઈ ઈસાની (એડવોકેટ - અમદાવાદ) ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.